**સ્પે.દિ.મુ.નં.૨૮/૧૫**

## – :: આંક:–૧ દાવા અરજી નીચે હુકમ :: –

વાદી તથા વાદી વ.શ્રીનો પોકાર કરાવતા હાજર નથી. કેસનુ રેકર્ડ જોતા વાદીનો દાવામાં તા.૧૦–૧૧–૧૬ ના રોજ આંક – ૧૯ થી મુદ્દા નિકળી ગયેલ છે ત્યારબાદ દાવો પુરાવા પર આવતા પક્ષકારોને નોટીસ કાઢેલી. વાદી વકીલશ્રી હાજર થઈ તા. ૧૦–૦૨–૧૭ ના રોજ મુદત અરજી આપેલી. ત્યારબાદ તા. ૧૦–૦૩–૧૭, તા. ૦૭–૦૪–૧૭, તા. ૦૪–૦૫–૧૭, તા. ૨૩–૦૬–૧૭, તા. ૨૨–૦૭–૧૭ ના રોજની મુદત ન્યાયના હિતમાં વાદી વકીલશ્રીની ગેરહાજરીમાં વાદીના પુરાવા માટે મુલત્વી રાખેલ અને ફરી મુ.તા. ૨૨–૦૮–૧૭ ની રાખેલ. આજરોજ વાદી તથા વાદી વ.શ્રીનો વારંવાર પોકાર કરાવવા છતાં વાદી તથા વાદી વ.શ્રી હાજર નથી, વાદીઓને દાવામાં પુરાવો રજુ કરવા માટે નોટીસ કાઢેલી જે બજી જવા છતાં વાદીઓ હાજર રહેલ નથી. તેમજ વાદી તથા વાદી તર્ફે કલાક – ૫:૪૦ સુધી જાતે કે વ.શ્રી મારફત હાજર રહી કોઈ પુરાવો રજુ કરેલ ન હોઈ કે રીપોર્ટ રજુ કરેલ ન હોઈ, વાદીને દાવો ચલાવવામાં રસ જણાતો ન હોઈ. આંક – ૧ લગત નીચે મુજબ હુકમ કરૂ છુ.

**<u>હુ ક મ</u>**

વાદીનો દાવો વાદીની તથા વાદી વ.શ્રીની ગેરહાજરીના કારણે અને પુરાવાના અભાવે કાઢી નાખવાનો હુકમ કરૂ છુ.

ખર્ચ અંગે હુકમ નથી.

આજ તારીખ:૨૨ મી, માહે–ઓગષ્ટ, સને ૨૦૧૭ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવે છે.

| | |
|---|---|
| મુ. મોડાસા.<br>તા. ૨૨/૦૮/૨૦૧૭ | ( કુ.ડી.આર.સ્વામીનારાયણ )<br>કોડ નં.જી.જે.૦૦૫૩૮<br>પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ<br>મોડાસા. |